# કહાનગુરુને વંદન

કહાનગુરુ! તવ પુનિત ચરણ વંદન કરું.

ઉન્નત ગિરિશૃંગોના વસનારા તમે,
આવ્યા રંકઘરે શો પુણ્ય પ્રભાવ જો;
અર્પણતા પૂરી કવ અમને આવડે,
ક્યારે લઈશું ઉર–કરુણાનો લાભ જો....કહાનગુરુ૦

સત્યામૃત વરસાવ્યાં આ કાળે તમે,
આશય અતિશય ઊંડા ને ગંભીર જો;
નંદનવન સમ શીતળ છાંય પ્રસારતા,
જ્ઞાનપ્રભાકર પ્રગટી જ્યોત અપાર જો....કહાનગુરુ૦

અણમૂલા સુતનુ ઓ! શાસનદેવીના,
આત્માર્થીની એક અનુપમ આંખ જો;
સંત સલુણા! કલ્પવૃક્ષ! ચિંતામણિ!
પંચમ કાળે દુર્લભ તવ દિદાર જો....કહાનગુરુ૦

સીમંધર-ગણધરના સત્સંગી તમે,
આવ્યા રંકઘરે શો પુણ્ય પ્રભાવ જો;
અર્પણતા પૂરી નવ અમને આવડી,
લેશ ન લીધો ઉર-કરુણાનો લાભ જો
કહાનગુરુ ઓ! વહાલા પુનઃ પધારજો.
કહાનગુરુ ઓ! વહાલા પુનઃ પધારજો.

*